શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

છુટક નકલ રૂા. ૧/-

મે - ૨૦૦૫’

## સોનામાં સુગંધ

પરિવારની ભૌતિક આવશ્યકતાઓ માટે તમે જીવનની સઘળી આધુનીક સગવડો વસાવો છો. જેવી કે મજેદાર ફ્લેટ, મનપસંદ ફર્નીચર, મનોહર સુશોભન વૈભવી કાર, ફ્રીજ, વોશિંગમશીન, ટીવી, વી.સી.આર., મોબાઈલફોન, ક્લબ લાઈફ, ગાર્ડનીંગ, પ્રવાસ-પર્યટન, ઈલેક્ટ્રોનીક ઉપકરણો વિગેરે વિગેરે. આ બધુ એના સ્થાને પર્યાપ્ત છે એ કબુલ, પરંતુ સંસ્કારનો પાયો પરિવારની ઈમારતને સધ્ધરતા પુરી પાડે છે. તે પણ એટલુ જ સાચું છે, કુટુંબ સંસ્કારી હશે તોજ સોનામાં સુગંધ મળશે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# ૫૫ મી વાર્ષિક સામાન્ય સભાની નિવિદા

ભાઈશ્રી, બહેનશ્રી

આથી ઉપર્યુક્ત સંસ્થાના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬.૬.૨૦૦૫ સાંજે ૪.૦૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈના પ્રમુખસ્થાને સંસ્થાની ઓફિસ ખાતે જણાવેલ કામકાજ માટે મળશે. કોરમના અભાવે મુલતવી રહેલી આ સભા એજ તારીખે અને એ જ સ્થળે અડધો કલાક બાદ ફરીથી મળશે.

## સભાનું કામકાજ

૧) ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન અને બહાલી આપવા

૨) શૈક્ષણિક પારિતોષકોનું વિતરણ

૩) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ની કાર્યવાહક સમિતિના અહેવાલને બહાલી આપવી

૪) વર્ષ ૨૦૦૪-૨૦૦૫ ની પુર્ણ થયેલા વર્ષના અનવેષિત હિસાબી નિવેદનને બહાલી આપવી

૫) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટે અન્વેષકની નિમણુંક તેમજ તેમનું માનદ મહેનતાણું નક્કી કરવા.

૬) બંધારણ પરના સુધારા વધારા આવેલા હોય તો તે પર વિચારણા કરી તેને પસાર કરવા.

૭) ઠરાવો આવેલા હોય તો તેના પર વિચાર કરી તેને બહાલી આપવા.

૮) ચૂંટણીના પરિણામ જાહેર કરવા

૯) પ્રમુખશ્રીની અનુમતીથી જે રજુ થાય તે

૧૦) પ્રમુખશ્રીનું ભાષણ

**નોંધ :-** બંધારણ ઉપરના સુધારા વધારા જે સભ્યોને મોકલવા હોય તો તે તેઓએ લેખીતમાં મંત્રી શ્રી પ્રદીપ કડકીઆને તા. ૩૧.૫.૨૦૦૫ પહેલા પહોંચાડવા વિનંતી.

## શ્રી બાલાસિનો નવયુવક સંઘ

આ વર્ષે વિવિધ સમિતિઓમાં કામ કરવા ઈચ્છતા કાર્યકર્તાઓને વિનંતી કે તેઓ પોતાના નામ વહેલી તકે સંસ્થાના મંત્રી પ્રદીપ પ્રવીણચંદ્ર કડકિયાને પહોંચાડી દે જેથી તેના પર વિચાર કરી અમલમાં મુકવા સરળતા પડે.

**તા :- ૧૬-૫-૨૦૦૫ / સોમવાર** *મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ*

# જયોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૮ | ૨ | ૧૪-૫-૨૦૦૫ |

છુટક કીંમત : રૂા.૧/- વાર્ષિક લવાજમ : રૂા.૧૦/-



નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
**ફોન :** ૨૪૪૪૯૯૧૬ • ૨૪૪૪૯૯૨૯

**મંત્રી : પ્રદીપ કડકીઆ**
ચંદ્રેશ એન્ટરપ્રાઈસ કોરપોરેશન, ૧૭, દેવકરણ મેન્શન,
પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.
ટે.(ઓ.) : ૨૨૦૧૮૩૨૬/૨૨૦૬૧૯૩૫
(ઘર) : ૨૩૮૬૫૭૬૯ (મોબાઈલ) : ૯૮૧૯૩૮૯૪૮૪

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


## મને સમાજ પાસેથી શું મળ્યું હું સમાજ માટે શું કરી શકું ?

*પા પા પગલી ભરતું આઠ થી નવ મહિનાનું બાળક પોતાની માત્ર અથવા પોતાના પિતા પાસે જવા જ્યારે મથી રહ્યું હોય છે એ નિહાળવાનો એક આનંદ હોય છે. અથડાતું, પડતું પાછું ઉભુ થતું એ બાળક જ્યારે સ્થીર થવાં જાય છે તે પહેલાં કાં તો એ પલંગનો ખુણો પકડવાનો, કાં તો ખુરશીનો પાયો પકડવાનો, કાં તો ટેબલની ધાર પકડવાની કોશીષ કરે છે, આ બધી કોશીષ કરતાં કરતાં જ્યારે એ આખરે પોતાની માતાની સાડી અથવા પિતાના પાયજામાના સથવારે લઈને ઉભો રહે છે ત્યારે તેને મળે છે; ખુબ જ સુંદર અહેસાસ ભર્યો પ્યાર, બહુ બધી બકીઓ અને સાથે સાથે ઉષ્માભર્યું વ્હાલ. આ બધું એ પામ્યાં પછી પણ મા બાપ પાસેથી શીખવા ઘણું ઘણું મથે છે. એ શીખવા માંગે છે સ્થીરતા એ શીખવા માંગે છે નરમાશ અને ચપળતા, એ પામવા માંગે છે માતૃત્વ અને પિતૃતવનો સ્નેહ આ બધું મળ્યાં નો આનંદ એને જ્યારે પોતે બાળક મટીને યુવાન થાય છે ત્યારે થાય છે.*

*આવું જ કંઈક આપણા જીવનમાં પણ બની શકે છે, પા પા પગલી ભરતું બાળક એટલે સેવક, પલંગનો ખુણો, ખુરશીનો પાયો અથવા ટેબલની ધાર એટલે એનાં સાથી સ્વયંસેવકો અને માતાની સાડી અથવા પિતાના પાયજામાનો છેડો એટલે સમાજ. સેવકને દિશા આપનાર, વેગ આપનાર અને સ્ફુર્તિ આપનાર એનાજ પોતાનાં સાથી સેવકો. કંઈક કરી છુટવાની આશા સાથે સેવામાં જંપલાવે અને ફળની*

આશા ન રાખે તે ખરેખરો સેવક. એટલે જ મહાભારતમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે.

**"કર્મ કીયે જા ફલ કી આશા મત કર એ ઈન્સાન,**
**જૈસે કર્મ કરેગા વેસે ફલ દેગા ભગવાન"**

આ સેવક માટે આપણે એટલું જ કહેવાનું કે જો તું કોઈકને માટે કંઈક કરીશ તો તારા માટે પણ કોઈ કંઈક તો કરશે જ. કર્મ કર્યા પછીનાં - સંબંધો સમાજીક હોય કે ધાર્મિક હોય ફળ તો પ્રાપ્ત થાય છે. એટલે હું નાની વાત કરું, એક દ્રષ્ટાંત સાથે. એક ૧૨માં ધોરણમાં ભણતો છોકરો સાધારણ પરિસ્થીતિવાળું કુટુંબ અને ભણતરનો ખર્ચ ઝાઝો. સમાજ પાસે માંગણી કરતાં શરમાયો પણ હિંમત કરી ભણતર પુરુ કરવા માટે ફી સહાય લીધી. ભણી ગણીને વિદેશ ગયો, ત્યાં પણ પોતાનું ભણતર સાથે નોકરી કરી. લગભગ દશ વર્ષ પછી એક દિવસ મુંબઈ પાછો આવ્યો અને કાર્યકર્તાના હાથમાં અમુક રકમનો ફાળો આપી ગદ્ગદ્ સ્વરે એને કહ્યું, સમાજનું આ ઋણ ચુકવતાં મને ઘણો આનંદ થાય છે. હર્ષના આંસુ સાથે એ બોલ્યો કે ૧૦ વર્ષ પહેલાં જે મળ્યુંહતું અને એનાં થકી જે મે પ્રાપ્ત કર્યું એની સામે આજે હું જે આપી રહ્યો છું એ કંઈજ નથી, પણ હૃદયની ભાવના અને સમાજ પાસેથી લીધું હતું અને પાછું કરવાની ઈચ્છા એટલે જ સંસ્થાને પ્રાપ્ત થયેલું ડોનેશન. આવી જ ભાવના દરેકે દરેકે વ્યક્તિમાં આવે તો સંસ્થામાં દાન રૂપી ત્રીવેણી સંગમ (દાતાએ આપ્યુ, કાર્યકર્તાએ એની માવજત કરી અને જરૂરીયાતવાળાને આપ્યું) પરીપૂર્ણ થાય.

આ દ્રષ્ટાંત પરથી અથવા બીજાં આવા ઘણાં સંજોગોથી સેવક સેવા કરવાની ભાવના સાથે સંસ્થામાં જંપલાવે છે. કામની ધગશ અને નિઃસ્વાર્થ ભાવે કરેલી સેવા (સમય આવે ત્યારે ડોનેશન આપવાની પણ વાત આવી ગઈ). માણસને એટલે કે સેવક ને સમાજમાં એક ઉચ્ચ હોદ્દો અથવા સ્થાન આપે છે તેથી પાસેથી લીધેલા વિચારોની આપલે કરી અમલમાં મુકવામાં આવે છે અને એનાં માર્ગદર્શનને સથવારે સંસ્થા પ્રગતિ કરે છે. સંસ્થાને એટલે કે સમાજનાં આવા કાર્યકર્તાઓ પાસેથી જે શિખવા મળે છે એ સેવકનું સૌભાગ્ય છે.

એટલે જ આપણે આપણી પાસે છે (કાર્ય કરવાની ધગશ, નિઃસ્વાર્થ ભાવની સેવા અને પ્રાસંગીક ડોનેશન) એ સમાજને આપશું તો સમાજ તમને એની પાસે છે એ (હોદ્દો, ઓળખાણ અને ખ્યાતિ) આપશે.

**તંત્રીવતી....... જતીન ન. દેસાઈ**

# માનવતાને સાદ

માનવ પંચેન્દ્રિયએ પૂર્ણઅને બુધ્ધિમત્તાથી સંપૂર્ણ, એવા અમે અને તમે....આ સાદ, આ ટહેલ અને એ પણ માનવને માનવો માટે, અને એ માનવો પણ કેવા, ''વિકલાંગ'' વિકલાંગને જોતાં જ આપણા મનમાં દયા, અનુકંપા ઉઠે છે. એ માટે સાદ પડે અને એ કાજે આપણે જાગૃત થવાનું છે. એ વિષેની જાણકારી, આ એક મોટી સંસ્થા છે. અને કોઈ પણ સંસ્થાને ચલાવવા માટે રૂપિયાની જરુરત પડે છે. અને આવી એક સંસ્થાનું નામ કદાચિત તમારામાંથી પણ કોઈકને કોઈકે તો સાંભવ્યું હશે. કદાચિત ચિત્તમાં આ વાત ધરી નહી હોય એ શક્યતા ખરી?

આ સંસ્થા છે ''નારાયણ સેવા સંસ્થા'' ઉદયપુર, રાજસ્થાન, આ સંસ્થા વિષેની જાણકારી ટી.વી.ની. ''આસ્થા'' ચેનલ આપે છે. બીજું આપણામાંના અનેક ભાઈઓ બહેનો દર વર્ષે શ્રીનાથદ્વારા તો જતાં જ હોય છે; અને કદાચિત ઉદયપુર ફરવા પણ જતાં હશે. પરદેશવાસીઓ પણ ''ઈન્ડીયા'' આવે તો શ્રીનાથદ્વારા અને ઉદયપુર ફરવા જતાં જ હોય છે. અને આ સંસ્થા પણ ઉદયપુરમાં જ આવેલી છે. આપણે શ્રીનાથજીના દર્શને જઈએ એટલે ઘણું ખરૂં રાજભોગ કરાવે. અને ધજાજી ચડાવે, સારા એવા રૂપિયા ખર્ચે છે, જો બની શકે તો ''ફૂલ નહીને ફૂલની પાંખડી,'' આવી સંસ્થામાં અર્પિત કરે તો? આ તો આંગળી ચીંધણુ છે. જૈન લોકોમાં એક એવી રૂચા છે, ''કર્યુ, કરાવ્યું, અને અનુમોદયુ'' આનો અર્થ એવો થાય છે, જાતે કામ કરીએ, કોઈની પાસે કરાવીયે, યા તો એ કામ માટે કોઈને આંગળી ચિંધણું કરીએ એને કરવાની પ્રેરણા આપીએ એ અનુમોદયુ કહેવાય. જોકે આવી તો ઘણી ઘણી સંસ્થાઓ હશે, પણ આતો જાત્રા કરવા જતાં રસ્તામાં આવતી સંસ્થા છે. જાત્રા શ્રીનાથજીની, દર્શન શ્રીજી બાવાનોને થોડી ઓર પૂણ્યાઈ મેળવી લેવાય થોડા રૂપિયા ઢીલા કરીએ તો? આવો જ બીજો એક રસ્તો સરળતાથી પૂણ્યાઈ મેળવવાનો, આપણામાંના ઘણા ભાઈઓ બેહેનોએ બોમ્બેના ગરવારે હોલમાં લગ્ન લીધા હશે. હાજીઅલીથી વરલી જતાં રસ્તામાં નેશનલ સ્પોર્ટસ ક્લબની નજીકમાં છે. આ હોલમાં લગ્નની વિધી ઉપરના માળે ચાલતી હોય ત્યારે નીચેના માળે આવા હેન્ડીકેપ માણસો અનુકુળ રીતે જોબ કરતાં હોય છે. બહૂ જ થોડો પગાર, ત્યાં બોર્ડ પર લખ્યું હોય છે આ વિકલાંગ ભાઈઓ બેહેનોને એક દિવસનો જમવાનોખર્ચ પાંચથી છ હજારનો થાય છે. પાછળ ઓર્થોપિડીક હોસ્પીટલમાં પણ અનેકાનેક વિકલાંગો અને તે પણ ગરીબ હોય છે. વળી એની બાજુમાં બ્લાઈન્ડ સ્કુલ પણ આવેલી છે. આ અંધ બાળકોની શી ગતિ છે એનો આપણે એક દિવસ અમુક કલાક આંખો બંધ કરીએ તો કદાચિત થોડી પીડા સમજાય, યા તો તેમની સાથે બે ચાર કલાક ગુજારીએ તો સમજી શકીએ કે એમના અંધકારમય જીવનની શી ગતિ હોય? પ્રભુએ આપેલી સંપત્તિમાંથી થોડી થોડી બાંટીએ તો કેવુ? મંદિરો મોટા કરવામાં ફૂંડ ફાળા ભેગા કરો. યા મંદિરો મોટા બનાવો એનો શો અર્થ? જીવતા ઠાકોર જેવા આ વિકલાંગો, અંધજનોની દૂર્ગતિ દૂર કરવા પ્રયત્નશીલ બનવા કોશિષ કરવા પ્રતિબધ્ધ થાવ. એવી અભ્યથેના આપણા જ ગામમાં ટાઉનહોલમાં પણ આવી જ એક સંસ્થાની કાર્યવાહી ચાલી રહી છે. તમારા ખર્ચામાં, તમારા મોજશોખમાં થોડો કાપ મૂકી યેન કેન પ્રકારેણ માનવતાના આ સાદને ઊપાડી લો, કદાચિત આ સલાહ વણમાગી લાગશે, પણ આ તો સાદ છે માનવતાનો અને એને આપવાનો છે પ્રતિસાદ મનમરજીથી તો તૈયાર થજોને પ્રતિસાદ આપશે.

વળી ફરી ફરીને યાદ આપવાની કે આંખોનું દાન તો જરુરથી આપજો. હજુ આ વાતનો અમલ આપણા લોકોમાં બરોબર થતો નથી. દૃષ્ટિના દાન દેવા કટિબધ્ધ રહેશો. કોઈપણ ભોગે પોતાની આંખોનું દાન દેવું જ જોઈએ. બીજુ સાથે એક વાત ઈલેક્ટ્રીક ફરનેસમાં બાળવાનો આગ્રહ રાખો. લાકડાની બચત, પોલ્યુશનથી પણ બચાય અને સમયની પણ બચત. આવા તો ઘણા ઘણા ક્ષેત્રે આપણે પછાતના પછાત જ રહ્યા છોએ. આ લેખ વાંચીને વિચારજોને, વિચારીને અમલમાં જરુરથી મૂકજો. લગ્નના પ્રસંગે, ખોળાના પ્રસંગે, બર્થ ડે ના પ્રસંગે કે બાળક જન્મે ત્યારે યા મૃત્યુ પછીના બારમા તેરમાની વિધીમાં આપો દાન અને આપો માનવતાના સાદને પ્રતિસાદ.

***''દયા ધરમકા મૂલ હૈ... પાપમૂલ અભિમાન...''***
***''તુલસી દયા ન છાંડીએ... જબ તક ઘટમેં પ્રાણ''***

બધાં પોતાની રીતથી કદાચિત દાન કરતાં હશે, તેમ છતાં જૈન ધર્મમાં કહ્યું છે તેમ ''કર્યું, કરાવ્યું અને અનુમોદયુ'', આ વાક્ય નાનપણમાં શ્રી શકુંન્તલા જૈન ગર્લ્સ સ્કુલ ધાર્મિક ટીચરે સમજીવ્યું હતું અને આજે હુ એજ તમારી સમ રજુ કરીને તમને અનૂમોદુ છું. આતો માનવતાંનો સાદ છે ટહેલ છે એને જરુરથી પ્રતિસાદ આપજો જ આપજો.

બીજી એક ઉદયપુરને સાંકળી લેતી વાત છે. ઉદયપુર પાસે આવેલું એક નાનુ ગામડુ છે. નામ તો કદાચિત મને યાદ નથી. ટી.વી.ની. ''ઈન્ડીયા ટુ ડે'' ચેનલ પર આ બતાવે લું હતું. આ નાનકડા ગામ પાસે એક નહી વહે છે. અને આ નદી પાર કરીને પછી જ તેઓના બાળકો સ્કુલમાં જઈ શકે. માંદા હોય, તાવ હોય ત્યારે પણ નદી પાર કરીને જ દવા લેવા જઈ શકે. શાકભાજી યા જીવન જરુરીયાતની કોઈપણ ચીજવસ્તુઓ લાવવા માટે નદી તો પાર પાડવી જ પડે છે. અને પ્રેગનન્ટ લેડીને પણ લેબર પેઈન શરૂ થાય તો આજ રીતે નદી ઓળંગવી પડે છે. અને આ નદી પાર કરવા તેઓની પાસે કોઈ જ સાધન કે હોડી નથી. ફક્ત ચાર થી પાંચ રબ્બરના ટાયર છે. અને એ પર બેસીને જ તેઓ નદી પાર કરે છે. ટાયર પર બેસીને નદી પાર કરવી પડે સૌ કોઈ મોટાં, નાનાઓને એ કેવી મજબૂરી ....?

એક હોડી ખરીદવાના પૈસા નથી, અને સરકાર, નેતાઓ તો વોટ વખતે આવીને કહી જાય કે જરુરથી અ વખતે તમને હોડીની સગવડતા કરી આપીશું, પરંતુ પછી બધું જ ફોક, અને આ ગરીબ પ્રજાની આજ હાલાકી, મજબૂરી! નદી ટાયર બેસી પાર કરતાં કંઈક અણઘટતા બનાવો તો બનતા જ રહે છે ? જો કોઈના પણ હૃદયમાં અનુકંપા જાગે અને આ ગામની મજબૂરીને ધ્યાનમાં લઈ હોડી આપે, અથવા તો ટી.વી. ના કેન્દ્રમાં તપાસ આદરી ક્યું ગામનું નામ મેળવી એઓને સરકાર પાસેથી સુવિધા મેળવી આપે અને હોડી ખરીદવામાં મદદ કરી પૂણ્યાઈ મેળવે. નમ્ર અરજ અને માનવતાની આ ટહેલ, આ સાદને પ્રતિસાદ આપે જ આપે એવી મારી અભ્યર્થના ! અર્પણ કરો જીવતા ઠાકોરજીઓને

***''ફૂલ નહી તો ફૂલની પાંખડી ...''***

# બબલીને અમેરીકા જવુ છે

(ક્રમાંક -૧૦ )

□ *જયંતિ કડકીઆ*

***'મોસાળ એ જીવનનું બીજુ ઘર કહેવાય'***

બબલીએ જ્યારથી બબલાને અમેરીકા જઈ સ્થાયી થવાની વાત કરી છે ત્યારથી બબલાની ઉંઘ હરામ થઈ ગઈ હતી. બબલીને અહીં સારી આવક અને ઉચાં હોદ્દા પર હતો, તેથી અમેરીકા જઈ આવી નોકરી કે સારી પદ મળવાની શક્યતા ન હતી. આથી તેણે શરૂઆતમાં એમેરીકા ફરવા જવાનું નક્કી કર્યું હતું અને ત્યારબાદ ત્યાંની જીંદગી જોઈ વિચાર કરવાનું નક્કી કર્યું હતું. બબલાએ બબલીના મનમાંથી અમેરીકા સ્થાયી થવાનો વિચાર બદલવા માટે આપણે પહેલાં આપણો દેશ જોઈએ એમ બબલાએ બબલીને ક્હ્યું અને બબલીએ વિચાર્યું કે અમેરીકા જવાનું કહ્યું ત્યારે બબલો દેશમાં ફરવા જવા તૈયાર થયો. તેનો આનંદ હતો. લગ્નનના પંદર વર્ષ સુધી ક્યાંય ગયા ન હતા તેના કરતાં દેશમાંતો દેશમાં જુદા જુદા સ્થળો જોવા મળશે. બબલીની સંમતિ લઈ બબલાએ ગંગાસાગર-કલકત્તા-જગનાથપુરી - ચંપારણ્યમાં નાના-નાની પાર્ક તરફથી ટુરમાં જવાનું નક્કી કર્યું હતું.

ફરવા જવાનો દિવસ આવ્યો તેના એક દિવસ અગાઉ પોતાના બંન્ને બાળકોને બબલીએ પોતના મા-બાપને ઘરે મુકી આવી. બબલી આજે બહુ ખુશ હતી તેમજ ખિન્ન હતી. જીવનમાં પહેલીવાર બાળકોને તેનાથી દુર રાખી ફરવા જતી હતી. તેથી તે ખિન્ન હતી. પોતના મા-બાપને ઘરે બાળકોને મુકતાં બબલી ખુબ રડી હતી. ત્યારે તેના મા-બાપે ક્હ્યું કે પંદર દિવસની વાત છે જોતજોતામાં દિવસો નીકળી જશે અને બાળકો અમારી પાસે છે માટે ચિંતા કરવાની જરૂર નથી. બબલા-બબલીએ આશીર્વાદ લઈ બબલાના માતા-પિતાને મળવા ગયા. બબલાએ અગાઉ પોતાના માતાપિતાને ફરવા જવાની વાત કરી હતી. બબલાના માતા-પિતાના આશીર્વાદ લીધા પછી બબલીને સાસુએ ક્હ્યું કે તને અમારામાં વિશ્વાસ ન હતો કે બાળકોને તારા મા-બાપને ઘરે મુકી આવી. બબલાના પિતા સમજદાર અને વહેવારીક હતા ત્યારે તેમને ક્હ્યું વહુ-બેટા આ વખતે બાળકોને ભલે ત્યાં મુક્યા પણ ભવિષ્યમાં ફરવા જાવ ત્યારે બાળકોને અહીં મુકજો અથવા અમે બંન્ને તમારી ત્યાં આવી રહીશું જેથી બાળકોની ચિંતા કરવાની રહે નહિ. આમ કહી વાતને ટુંકાવી લીધી.

બાળકો મોસાળમાં રહે ગયા તેથી તેના નાના-નાની બહુજ ખુશ હતા. મુડીથી વ્યાજ વ્હાલુ એમ નાના-નાની માટે આ વહાલનો દરિયો હતો. આપણામાં કહેવત છે કે મા-મરજો પણ માસી ન મરજો. એ મોસાળની માસી માટેની ઉચ્ચ ભાવના બતાવે છે. તેમજ એક ભાણેજ બરારબર સો બ્રાહ્મણ કહેવાય તેવી ભાવના છે. આમ મોસાળની જીવનમાં કેટલી અગત્યતા છે. મોસાળ એ જીવનનું બીજું ઘર કહેવાય.

આજથી સો વર્ષ પહેલાં મનુષ્યનું સરેરાશ આયુષ્ય બત્રીસ વર્ષનું હતું ત્યારે બાળમરણ વધુ થતાં હતાં. એટલે જ્યારે સ્ત્રી નાની વયે વિધવા થાય ત્યારે તેના સાસરીયાવાળા વિધવા સ્ત્રીને તેના મોસાળ મોકલી આપતા હતા. ઘણી સ્ત્રીઓતો એકાદ બાળક હોય તો પણ તેમને મોસાળ મોકલી આપતા હતા. મોસાળની આર્થીક સ્થિતિ સારી હોય કે ન હોય તો પણ તેમને પોતાના સંતાનોની જેમજ રાખતા હતા. સસરા પક્ષવાળા આવી સ્ત્રીઓ સાથે લગભગ તમામ

સંબંધ તોડી નાખતા હતા. આથી વિધવા સ્ત્રીએ પહેલાં ક્યાં પરણી હતી તે પણ તેના પછીની પેઢીને ખબર પડતી ન હતી જ્યારે આવી સ્ત્રીઓનું મૃત્યુ થાય ત્યારે તેના સાસરીયાવાળાને અંતીમ સંસ્કાર કરવા બોલાવતા હતા. સમય બદલાઈ ગયો તેમ સાસરીયાવાળાના છોકરા-છોકરીઓ મોટા થયા ત્યારે વિધવા થયેલી સ્ત્રીઓ પોતાની સગાઈ થાય તો તેઓ તેમની સાથે સંબંધ રાખતા થયા હતા અને છે. આજે પણ આપણા સમાજમાં વિધવા થેયલી સ્ત્રીના બાળકો જે મોસાળમાં ઉછર્યાં છે અને હયાત છે તેમને મોસાળનો પ્રેમ મળ્યો છે તે તેમને યાદ છે.

વર્ષો પહેલાં આપણા દેશમાં બાળલગ્ન થતાં ન હતાં પણ જ્યારે મોગલોએ આપણા દેશ પર ચડાઈ કરી રાજ્ય કરવાની શરૂઆત કરી ત્યારે સુંદર દેખાતી છોકરીઓને ઉપાડી રાજાને નજરાણાં રૂપે ધરતા હતા. આવી સુંદર છોકરીને લાવી આપનાર વજીરને રાજા ભેટ આપતો હતો. પરંતુ સુંદર દેખાતી સ્ત્રી પરણીત હોય તો તેને ઉપાડી જતા ન હતા. આથી અહીં રહેતા લોકોએ પોતાની પુત્રીઓને નાનપણમાં પરણાવી દેતા હતા. એટલે મોગલ સામ્રાજયમાં બાળલગ્નની પ્રથા શરૂ થઈ હતી.

મોગલ સામ્રાજ્ય બાદ બ્રિટીશ રાજ શરૂ થયુ. તેમને આ બાળલગ્ન અટકાવવા માટે શારદા એક્ટ લાવ્યા અને છોકરીઓની લગ્નની વય ચૌદ વર્ષની નક્કી કરી હતી પરંતુ આઝાદીના આટલા વર્ષો થયા છતાં બાળલગ્ન આજે પણ આપણા દેશમાં થાય છે એ એક કમનસીબી છે. આવા બાળલગ્નથી વિધવા સ્ત્રીઓને પોતાની આખી જીંદગી મોસાળમાં રહેવું પડે છે. એટલે જ મોસાળ એ જીવનનું બીજુ ઘર કહેવાય.

આજથી દોઢસો વર્ષ પહેલાં આપણા દેશમાં વિધવા પૂર્નલગ્ન કરવા માટે તથા બાળલગ્ન અટકાવવા માટે કેટલાક સમાજ સુધારકોએ પ્રયત્ન કર્યો હતો. આ ઉપરાંત સ્ત્રીઓને ભણવા માટે અને હરિજનોનાં ઉધ્ધાર માટે મોટા પ્રમાણમાં પ્રયત્નો થયા હતા. આ પ્રયત્નો ચાલુ રહ્યા હતા અને તેના પંચોતર વર્ષ બાદ આ ઝુંબેશ જોર પકડી હતી. તેથી સ્ત્રીઓ ભણતી થઈ અને આજે તેનુ પરિણામ આપણે જોઈ શકીએ છીએ. હરિજનોને સમાજથી દુર રખાતાં હોવાથી તેનો લાભ ખ્રીસ્તીઓ તેમજ મુસલમાનોએ વટલાવ પ્રવૃત્તિ કરી અને લાલચ આપી તેઓને ખ્રીસ્તી અથવા મુસલમાન બનાવી દેતા હતા. પાકીસ્તાનનના સ્થાપક મહમદઅલી ઝીણા એક વૈષ્ણવ વણીક હતા. તેઓ પરદેશ ભણવા ગયા ત્યાં તેઓ માસાંહાર તેમજ દારૂ પીતા હતા. જ્યારે તેઓ ભણી હિન્દુસ્તાન પાછા આવ્યા ત્યારે તેમને આ વાત તેમના માતા-પિતા આગળ કબુલ કરી હતી. તેમના માતા-પિતાને આ વાતનું દુઃખ થયું અને તેમને તે વખતના ધર્મગુરૂ પાસે આ વાત કરી પોતાના પુત્રને વૈષ્ણવ ધર્મમાં ચાલુ રાખવા ઘણા પ્રયત્નો કર્યા જ્યારે ધર્મગુરુએ સાફ ના પાડી ત્યારે ઝીણાએ કંટાળીને મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો જેનું પરિણામ આપણે જોઈ રહ્યાં છીએ. તેવીજ રીતે હરિજન ઉપર થતા અત્યાચાર વિરૂધ્ધ ડૉ. આંબેડકરે ચળવળ ઉપાડી અને પોતે બુધ્ધ ધર્મ અંગીકાર કર્યો અને તેમના અનુયાઈઓને બુધ્ધ ધર્મ અંગીકાર કરવાની સલાહ આપી. આમ લોકો હિંદુ ધર્મથી વિમુખ થઈ બીજો ધર્મ અપનાવવા મજબુર થયા. આ માટે કોઈ જવાબદાર હોય તો તે વખતના ધર્મગુરુ અને બ્રાહ્મણો, જેઓ હરીજનોનેહિંદુ-સમાજનો અંગ ન સમજયા. આથી જ હિંદુ ધર્મ પ્રત્યે આવા લોકોને ધૃણા થઈ હતી.

આજે સ્ત્રીઓનું ભણતર વધ્યુ અને તેઓ ઉચા હોદ્દાઓ સુધી પહોંચી ગઈ છે તેમજ સંયુક્ત કુટુંબનું

વિભાજન થતાં હવે લગ્નના થોડા વર્ષો પછી દરેકને રહેવા માટે જુદી જગ્યા હોય છે તેથી જીવનમાં કોઈ કમનસીબ બનાવ બને તો હવે બાકીની જીંદગી પોતાના બાળકો સાથે સારી રીતે જીવી શકે છે અને મોસાળ તેમજ સાસરીપક્ષ તરફથી પણ સારો સહકાર મળે છે.

બબલા-બબલીને લગ્નના ઘણા વર્ષો પછી આજે એકલા રહેવાનો દિવસ હતો. તેથી બાળકો વગર ઘર સુનું સુનું લાગતું હતું. પરંતુ આજે તેઓએ અમેરીકા વિષે તથા બીજી ઘણી વાતો નીખલાસતાપૂર્વક કરી પોતાના ભવિષ્યમાં શું કરવું ને શું ન કરવું એ બધુ વિચારતા હતા. આમ આજે ફરવા જવાનો દિવસ આવી પહોંચ્યો. આ દિવસ રવીવાર હતો. બપોરની ગાડીમાં જવાના હતા. લગ્ન પછી પહેલીવાર ફરવા જતા હોવાથી બંન્ને મા-બાપ, બાળકો તથા સગા-સંબંધીઓ તેમને મળવા આવ્યા હતા. બધા મળવા આવતા હતા તેથી તેઓને બહુજ આનંદ થયો હતો. ગાડી ઉપડવાના એક કલાક પહેલાં જવાનું હોવાથી તેઓ હવે જવાની તૈયારી કરી લીધી હતી. બધાની રજા લઈ ટેકસીમાં બેસી શીવાજી ટર્મીનશ એટલે વી.ટી. જવા રવાના થયા હતા.

---

## વાડાસિનોર પ્રગતિ સમાજ કૉ.ઑપ. ક્રેડીટ સો.લી.

ગત જ્યોતિપુંજના અંકમાં જણાવ્યા મુજબ ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની ૧૯મી વાર્ષિક સામાન્ય સભા તા.૨૧.૬.૨૦૦૫ને મંગળવારના રોજ સાંજ ૭.૩૦ કલાકે તેજપાલ ઓડીટોરીયમ ખાતે શ્રી રજનીકાન્ત કાંન્તિલાલ કડકીઆ (ધરીવાલા)ની પ્રમુખ સ્થાને મળશે. તો સૌ સભાસદોને હાજર રહેવા વિનંતી છે.

વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ના સમય માટે પ્રમુખશ્રી, સભ્યો અને અનામત સભ્યોની ચૂંટણી (આવશ્યકતા હશે તો) તા. ૨૦.૬.૨૦૦૫ને સોમવારના રોજ સવારના ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી સોસાયટીની રજીસ્ટર્ડ ઓફીસ, બાલાકૃષ્ણ કૃપા, ૧ લે માળે,૪૫/૪૯ બાબુ ગેનુ રોડ, મુંબઈ-૨. ખાતે કરવામાં આવશે. ૩૧.૧૨.૨૦૦૪ સુધી દફતરે નોંધાએલા સભ્યો મતદાન કરી શકશે.

તા. ૨૧.૫.૨૦૦૫ના રોજથી ઉમેદવારી પત્રકો સો.ના કાર્યાલય પરથી સવારના ૧૨ થી સાંજનાં ૬ વાગ્યા સુધી લેખીત પત્ર લાવનારને જ આપવામાં આવશે.

તા. ૩૧.૫.૨૦૦૫ સાંજના ૬ વાગ્યા સુધી શીલ કવરમાં સોસાયટીની ઓફીસ ખાતે સ્વીકારવામાં આવશે. પત્રક કે કવર પર કોઈપણ પ્રકારની નોંધ લખવી નહીં.

તા. ૪.૬.૨૦૦૫ સુધીમાં (સાંજના ૬ વાગ્યા સુધીમાં) ઉમેદવારી પત્રકો લેખીતમાં પાછા ખેંચી શકાશે.

### ગીફ્ટ અંગે

તા. ૩૧.૩.૨૦૦૪ સુધી દફતરે નોંધાયેલા સભાસદોને ગીફ્ટ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગીફ્ટના વાઉચરો તા. ૧૫.૫.૨૦૦૫ થી સોસાયટીના કાર્યાલય ખાતે બપોરના ૪ થી ૬ ના સમયમાં આપવામાં આવશે. વાઉચર પર જે તારીખ - દિવસ અને સમય લખેલો હોય તે જ દિવસે આખું વાઉચર લાવનારને ગીફ્ટ આપવામાં આવશે. અમારી પાસેના સહીના નમુના સાથે સહી સરખાવી ગીફ્ટ આપવામાં આવશે. ખોટી સહી કરનારનું વાઉચર રદ કરવામાં આવશે.

**ચેરમેન :** રસિકલાલ રમણલાલ કડકીઆ
**મંત્રીઓ :** પ્રવિણચંદ્ર પુ. કડકીઆ,
રજનીકાન્ત કા. કડકીઆ

# અલગારી જીવન જીવતુ યુગલ

***તંત્રીનોંધ : નિરંજન પરીખ અને પૂર્ણિમાએ 'જ્યોતિપુંજ'ના પ્રકાશનની આરંભવેળાએ મહત્વનું યોગદાન આપ્યું હતું. નિવૃત્તિને અને તેય ૫૦ વર્ષની ઉંમરે જ કેમ માણવી એનું જવલંત ઉદાહરણ એટલે આ દંપતિ! આપણે એકબીજાને મળીએ ત્યારે ખરેખર એકબીજાની સાથે હોઈએ છે ખરા? જ્યારે જ્યારે નિરંજનને મળવાનું થયું છે ત્યારે એ સંપૂર્ણપણે મળ્યો છે. ખુશહાલ - ખુશમિજાજ.***

મનસ્વીપણે, જીવન જીવવું એ મારા જીવનની મોટી મહેચ્છા હતા જે મેં પૂર્ણ કરી છે. પણ મનસ્વી એટલે બેફામ જીવન જીવવાની વાત હું નથી કરતો. પણ બસ આંનદ ખાતર જીવવું, રેટરેસમાં દોડવું નહી, ૬૮ વર્ષના નિરંજનભાઈ જ્યારે આ વાત કરે છે ત્યારે તેમના પત્ની પૂર્ણિમાબહેન આ વાત સાથે પૂર્ણપણે સહમતી દર્શાવે છે. એ નિરંજનભાઈએ પોતાની જવાબદારી પૂર્ણપણે નિભાવ્યા બાદ ૫૦ વર્ષની ઉંમરે નિવૃત્તિ લઈ લીધી હતી. નિરંજનભાઈ, પૂર્ણિમાબહેનનાં લગ્ન પ્રેમલગ્ન છે. તેમની ઓળખાણ ગાંધી શિબિરોમાં થઈ હતી. બંને પતિપત્નિને કુદરત સાથે અતૂટ નાતો. કૈલાસ માનસરોવર, એવરેસ્ટ બેઝ, ગંગોત્રી, બદરીકેદાર વગેરે અનેક સ્થળોએ ટ્રેકિંગ કર્યું છે અને હજુ પણ કરે છે. નિરંજનભાઈ કહે છે,''કુદરતમાં રહેવાથી આધ્યાત્મિક આનંદ તો મળે જ છે પણ જીવનમાં વ્યાપકતા આવે છે. રાતે બે વાગ્યે પણ આંખ ખૂલે તો આકાશમાં ફેલાયેલો ચાંદરવો જોઈને તેમાં વિગલિત થઈ જવાય. એ આનંદની અનુભૂતિનો લહાવો લેવા અમે દર વર્ષે નીકળી પડીએ છીએ. નિરંજનભાઈ એન્જિનિયર છે. તેમણે પોતાની મહેનતે ફેકટરી બનાવી થોડાં વર્ષો ચલાવી પછી ભાઈઓને સોંપી ૧૯૮૭માં નિજાનંદ માટે નિવૃત્તિ લઈ લીધી.

આટલા પ્રવાસ ખર્ચ કેવી રીતે પોસાય? એનો જવાબ પૂર્ણિમાબહેન આપે છે,''અમારી મૂળભૂત જરૂરિયાતો ઓછી છે. બીજું, મને સોના-ચાંદીનો શોખ નથી અને જ્યારે પ્રવાસ પર જઈએ ત્યારે તકલીફો માટે પણ તૈયાર રહેવું પડે. ક્યારેક રસ્તામાં સુવુ પડે. ખાસ કરીને 'એવલેન્ચ' (બરફની ભેખડો ઘસી પડે) ત્યારે. ક્યારેક ગુફામાં રહેવું પડયું છે. તો એકાદ વખત હું નદીમાં ખેંચાઈ ગઈ હતી. આ બધા ઉપરાંત સામાન લઈને ચાલવું, ડુંગરાઓ ચઢવા-ઉતરવા, કેટલીયે મુશ્કેલીઓ સ્વીકાર્યા બાદ પ્રવાસ પૂર્ણ થાય. પણ આ બધી વખતે સાથે રહેવાનો આનંદ અદભુત હોય છે.''

નિરંજનભાઈ વાતનો દોર સંભાળૂતાં કહે છે, ''કાકા કાલેલકરનાં પ્રવાસવર્ણનો વાંચીને અને આમેય અમને બંનેને પ્રવાસનો ગાંડો શોખ છે અને તેય હિમાલય બાજુ અમે વારંવાર જઈએ છીએ. ચાઈના બાજુથી એવરેસ્ટ બેઝ, તિબેટનો પ્રવાસ, કૈલાસ માનસરોવર અને કુમાઉ વિસ્તાર અમે પગપાળા અનેક વાર ખેડયા છે. ક્યારેક મિત્રો સાથે તો ક્યારેક એકલા. પણ અમે તો સાથી છે પ્રવાસનાં એમ કહી શકો. અમારી ઈચ્છા તો મુંબઈ બહાર વસવાની હતી પણ અમારી દીકરીઓ કહે છે મુંબઈમાં ઘર હોય તો સાજે માંદે રહી શકાય. પછી ભલેને તમે વિશ્વભરમાં ફરો. બસ, એટલે એમની વાત સાંભળી અને દર વરસે ફરવા નિકળી પડીએ છીએ.........

***- દિવ્યાશા દોશી***

***('દિવ્ય ભાસ્કર' - ૨૧-૩-૨૦૦૫ ના અંક માંથી સાભાર)***

# જીવો છો ? તો જાણશો

## જૈન મુનિશ્રી નો સત્સંગ સાર

ખેડા જિલ્લા સ્થિત બાલાસિનોર નગરે યુવા પ્રવચનકાર જૈન મુનિશ્રી પદ્મદર્શનવિજયજી અને પૂ. મુનિશ્રી પ્રિતદર્શન વિજયજી મ. સાહેબની પાવન પધરામણી થતાં સમગ્ર જૈન સંઘમાં આનંદનો મહાસાગર ઊમટયા હતો. મુનિશ્રીએ સત્સંગ દરમ્યાન ઉપસ્થિત શ્રોતોઓને જણાવ્યું હતું કે; આરાધના અને સાધના કરવા છતાં જીવાત્મા ચાર ગતિના બનેલા સંસારમાં ભ્રમણ કરે છે તેનું કારણ સંસારમાં પદાર્થોની તીવ્ર આસક્તિ છે. ધર્મ કરનાર વ્યક્તિની તીવ્રતા જોઈએ તેવી હોતી નથી અને અધર્મ કરતી વંખતે તે આસક્ત બનીને કરે છે. સંસારની જડ કષાયોની કાતીલતા છે. જયાં સુધી વિષયો પ્રત્યેનો વૈરાગ્યભાવ અને કષાયોનું ઉપશમન નહીં થાય ત્યાં સુધી માનવ સાચા અર્થમાં આત્મિક શાંતિ પ્રાપ્ત કરી શકતો નથી. આજનાં માનવે કુટુંબમાં સંપ, શરીરમાં આરોગ્ય, જીવનમાં શાંતિ અને ચિત્તમાં પ્રસન્નતા ગુમાવી છે. બીજાને દુઃખી કરીને સુખી થવું તે માણસનું લક્ષણ નથી. બીજાના દુઃખમાં સહભાગી થવું તે જ જીવનનું શ્રેષ્ઠ મંગલ છે. ભલે તમે કદાચ બધાને સુખી ન કરી શકો પણ બીજાને દુઃખી કરવાનો આપણને કોઈ અધિકાર નથી. અપાત્ર વ્યક્તિના હાથમાં આવતી સત્તા, સાધન કે સંપત્તિ વિનાશની ગર્તામાં ધકેલી દેવા સમર્થ છે.

જીવનમાં આવતા સુખો કે દુઃખોની પાછળ કારણ આપણે જ છીએ. દુઃખોને આમંત્રણ પત્રિકા લખીએ છીએ માટે જ તે આવે છે. આજે તો માનવ સુખ માટે વેલકમનું અને દુઃખ માટે ડોન્ટકમનું પાટીયું લગાવતો હોય છે. સુખો અને દુઃખોનું કેન્દ્રબિંદુ કર્મો છે. જો સત્કર્મો કરશો તો સુખ આવશે અને દુષ્કર્મો કરશો તો દુઃખોનાં વવાઝોડા ત્રાટકશે. આજે માણસની પાસે દ્રષ્ટિ નથી. દ્રષ્ટિને બદલશો તો સૃષ્ટિ આપોઆપ બદલાઈ જશે.

જન્મ, જીવન અને મૃત્યુની ઘટમાળમાંથી મુક્ત થવું હોય તો સિધ્ધશિલામાં રહેલા અનંતા સિધ્ધ ભગવંતોનું ધ્યાન ધરવું જોઈએ. આજે તો ઈચ્છા વિનાનાં જન્મ, પાપોથી ભરચક જીવન અને રિબામણભર્યાં મોંતના ચક્કરમાં માણસ એવો તો ફસાયો છે કે જેનાં કારણે ક્યાંય શાંતિનો અવકાશ હોય એવું જણાતું નથી. ચિંતાના પોટલા ઉચકીને ફરનારો બધી રીતે બરબાદ થતો ગયો છે. આજે માણસ સાધનોના ખડકલાની વચ્ચે અટવાયો છે. જેથી સલામતિ જોખમાઈ છે. સગવડો મળવાથી સલામતી આવી જતી નથી. સલામતી પ્રભુની શરણાગતિ સ્વીકારવાથી જ મળે છે. સંસારરૂપી વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાંખવું હોય તો સર્વવિરતિરૂપ કુહાડો ઊઠાવવો પડશે. પ્રભુની આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન તે જ સર્વવિરતિ છે. પાપધિક્કાર એ સર્વશ્રેષ્ઠ શસ્ત્ર છે. જયાં સુધી પાપોથી વિરામ નહીં પામો ત્યાં સુધી સદ્‌ગતિનાં માત્ર સ્વપ્નો જ જોવાના રહેશે. જો સાધુ ન થઈ શકો તો છેવટે જીવનમાં પાપોથી ડરતા રહો.

મુનિશ્રીએ યુવાવર્ગને ઉદ્દેશીને જણાવ્યું હતું કે; વ્યસનો અને ફેશનોની ચૂંગાલમાંથી સદા મુક્ત રહેજો. રાષ્ટ્રની ગરિમા અને ગૌરવને જયારે ધક્કો લાગી રહ્યો છે ત્યારે તમારે શૂરવીર બનીને બહાર આવવાનું છે. સંસ્કૃતિનાં મૂલ્યોનો કડાકો બોલાઈ રહ્યો છે ત્યારે તે મૂલ્યોને પુનઃ પ્રતિષ્ઠિત કરવા હશે તો આશાનું કિરણ માત્ર તમે જ છો. તમારે જયાં જવું છે તેની તૈયારી આજથી જ કરો. મૃત્યુ જયારે પણ આવે છે ત્યારે વગર વોર્નીંગે આવે છે. જો તમે જાગ્રત હશો તો વાંધો નથી પણ જો પ્રમાદની પછેડી ઓઢીને પડયા રહેશો તો દુર્ગતિ મોં ફાડીને ઊભી જ છે..

મનુષ્ય ભવ અને સદ્‌ગુરુનો યોગ મળવો બહુ દુર્લભ છે. અનાદિકાળના આત્માની અંદર ચક્કાજામ અજ્ઞાનના અંધકારને ચીરી નાંખવા માટે ગુરુએ જ્ઞાપાનની જયોત છે. સદ્‌ગુરુનો વિયોગ હજુ ચલાવી લેવાય પણ વિસ્મરણ તો કદાપિ ન થવું જોઈએ. જેમ ફેમિલીમાં ડૉક્ટરની જરૂર હોય છે તેમ આત્માના વિષય, કષાય, મોહ, માયા અને મમતાનાં અસાધ્ય રોગાને મારી હટાવવા માટે ફેમિલીગુરુની પણ અત્યંત આવશ્યકતા છે. ગુરુ બે પ્રકારનાં છે. પત્થરની નાવડી જેવા અને લાકડાની નાવડી જેવા. પત્થરની નાવડી જેવા ગુરુસ્વયં ડુબે છે અને આશ્રિતોને પણ ડુબાડે છે. લાકડાની નાવડી જેવા ગુરુ સ્વયં તરે છે અને અશ્રિતોને પણ તારે છે.

આજનો માણસ માથે કોઈને રાખવા તૈયાર નથી. સ્વચ્છંદી વિચારધારા એ આત્માનું અધઃપતન નોતરે છે. કુટુંબથી માંડી સમાજ કે વિશ્વનું કલ્યાણ કરવું હશે તો પ્રત્યેક વ્યક્તિએ માથે સદ્‌ગુરુ રાખવા પડશે. ઢોરને ખીલાનું બંધન હોય છે. હરાયા ઢોરની કોઈ કિંમત નથી. ઘોડાને પણ લગામ હોય છે. આજે જયાં જુઓ ત્યાં સંઘર્ષનાં વાવઝોડાં ત્રાટક્યા છે. સંઘર્ષને કારણે સંગઠન તૂટી રહ્યું છે. સંગઠનમાં જ વિકાસ છે. વિઘટનમાં વિનાશ છે. મૈત્રીના મહેલમાં જો તિરાડ પડશે તો

સમાજ ખાડે જશે. જે ઘરમાં પ્રેમ, સ્નેહ કે સદ્ભાવ નથી તે ઘરનું અસ્તિત્વ જોખમાય છે. હળાહળ કળિયુગમાં સંઘર્ષો તો સતત ચાલ્યા કરશે પણ જો તમે પ્રત્યેક જગ્યાએ સિધ્ધાન્તોને બાધ ન પહોંચે તેરીતે સમાધાનકારી વલણ અપનાવશો તો જીવનમાં શાંતિ મળશે.

મુનિશ્રીએ વધુમાં જણાવ્યું કે; દુઃખ મુક્તિ કરતાં દોષમુક્તિ અને દોષમુક્તિ કરતાં પણ ઋણમુક્તિ મહત્ત્વની છે. પૂર્વના કાળમાં ઉત્તમ માણસ સ્વભાવથી જ પાપ નહોતો કરતો. એ કહેતો કે; મારાથી પાપ ન જ થાય. મધ્યમ માણસ પરલોકના ભયથી પાપ નહોતો કરતો. આજનો માણસ તો ભાન અને ભય બંને ગુમાવી બેઠો છે. તમે કોઈ પણ પદાર્થનાં માલિક નહીં પણ મહેમાન બનતાં શીખો. મહેમાન ક્યારે પણ પદાર્થોમાં આસકત થતો નથી. સીતાને જયારે રાક્ષસી દ્વારા પૂછવામાં આવ્યું કે, ''સીતા ! તું રાવણને વશ થઈ જાને... તું જો વશ નહી થાય તો યુદ્ધ થશે અને યુધ્ધમાં લાખો સ્ત્રીઓ વિધવા બનશે..'' સીતાએ આનો સણસણતો પ્રત્યુત્તર વાળતાં કહ્યું હતું કે; લાખો વિધવા બને એનાં કરતાં મારા પગલે કરોડો કુલટા બને એનું શું ?'' આદર્શોને ટકાવવા કેવી જાનની બાજીઓ ખેલાતી હતી ? આજે તો મુલ્યોને કબરનશીન કરવામાં ટી.વી ચૈનલો, ઈન્ટરનેટ, સાઈબર કાફે, અને ચેટીંગના તોફાનોએ દાટ વાળ્યો છે. આપણું રાષ્ટ્ર મૂલ્યો અને સંસ્કૃતિના કારણે મહાન હતું.. કોમ્પ્યુટરો અને ઈન્ટરનેટો તો ભૌતિકતાના સૂચકો છે જયારે મંદિરો અને ધર્મનાં સ્થાનો અધ્યાત્મની ઊર્જાથી ધમધમી રહ્યા છે.

આપણા માથે ઉપકારોનો પહાડ છે. ઉપકારોની ઉપર વિસ્મૃતિની ધૂળનાંખી દો તો ન ચાલે. આજે જયારે આચાર અને વિચારનાં ક્ષેત્રે ભ્રષ્ટતા પ્રર્વર્તી રહી છે ત્યારે પ્રત્યેક સંતોએ અને સાધકોએ દિલ દઈને રાષ્ટ્ર, પ્રજા, સંસ્કૃતિ અને ધર્મનું અભ્યુત્થાન કરવા માટે સહિયારા પ્રયત્નો કરવાની જરૂર છે. આગ લાગી હોય ત્યારે ફાયર બ્રિગેડવાળો ઘસઘસાટ ઊંઘી જાય તે બિલકુલ ક્ષન્તવ્ય નથી.

# બાલાસિનોર સેવા સમાજ

ઉપરોક્ત સંસ્થાના મળેલ દાન વચનોની યાદી નીચે મુજબ છે

૧) **રૂા. ૫૧,૦૦૦/-**
સ્વ. શાંતીલાલ સાંકરલાલ ધારીઆ (દલાલ)
ની પુણ્ય સ્મૃતિમાં તેમની પુત્રીઓ
શ્રીમતી શૈલીનીબેન કીરણબેન મોદી
શ્રીમતી શીલ્પા ઉસનશ કચેરીયા
શ્રીમતી પ્રીતી પ્રજ્ઞેશ કચેરીયા

૨) **રૂા. ૧૧,૦૦૦/-**
મેહુલ બીપીનચંદ્ર કડકીઆ
તથા અમી મનીષ દોશી તરફથી
મણીબેન મણીલાલ કડકીયાની પુણ્ય સ્મૃતિમાં

(ઉપરોક્ત દાન....... શરતચુકથી મોડા પ્રસિધ્ધ કરવા દલ દીલીગીર વ્યક્ત કરીએ છીએ.)

*- મંત્રીઓ*

## શૈક્ષણિક પારિતોષિકો-શાળા, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓ માર્ચ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષીકો આપવામાં આવે છે. જેમાં K.G., ધોરણ ૧ થી ૯, S.S.C., H.S.C., B.Com., B.A., B.D.S., C.A., L.L.B., Eng., M.B.B.S. વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે. તો દરેક પરીક્ષામાં સારા માર્ક તાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતાની માર્કશીટની Xerox Copy સાથે સંસ્થામાં પોતાના નામ અપી જવા. ઈનામ વિતરણ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

**તા. ક. :** વર્ષ ૨૦૦૪ માર્ચથી જૂન સુધીમાં આવેલ પરિણામોની વિગતો મોકલવી.

*મંત્રી - પ્રદીપ કડકીઆ*

# આર્ષ વિદ્યાલય
## બ્રહ્મવિદ્યા...ઋષિવિદ્યા....

એપ્રિલ ૧૯૯૯ થી આર્ષ વિદ્યાલય બાલાસિનોરમાં (પૂ. માતાજી) સ્વામીની તદાકારાનંદ સરસ્વતીજી સંસ્કૃતિના પ્રસાર-પ્રચારપાર્થે કાર્યરત છે. ભારતીય સંસ્કૃતિનો દિવ્ય... ભવ્ય વારસો આત્મજ્ઞાન, બ્રહ્મવિદ્યા જેના જ્ઞાનથી મનુષ્યને તેના લક્ષ્યાર્થ પ્રત્યે સભાન રાખી તેનું આધ્યાત્મિક ઉત્થાન કરાવે છે. શાસ્ત્રના ગૂઢ રહસ્યોનું મહત્ત્વ સમજાવી વૈદિક સંસ્કૃતિની ગરિમાની પરંપરાગત પદ્ધતિ દ્વારા માતૃભાષામાં આર્ષ વિદ્યાલયમાં અધ્યયન કરાવવામાં આવે છે.

શ્રીમદ્ ભાગવદ્ ગીતાના શ્લોકોનું પઠન, વૈદિક સૂતકોનું શુદ્ધ ઉચ્ચારણ વ્યક્તિગત/સમૂહમાં તેઓશ્રી દ્વારા કરાવામાં આવે છે. મહાશિવરાત્રી, રામનવમી, ગુરૂપૂર્ણિમા, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, હનુમાન જયંતિ જેવા પર્વોત્સવનું સાધકો...મુમુક્ષોઓને મહત્ત્વ સમજાવી વૈદિક પદ્ધતિસર ઉમંગથી ઉજવાય છે.

બાળકોમાં બાળપણથી જ સંસ્કૃતિના સંસ્કારનું સિંચન થાય તે હેતુથી રવિવારે બાલવિહારનો વર્ગ રજાઓમાં વેકેશન દરમ્યાન બાલવિહારની શિબિરોનું આયોજન કરવામાં આવે છે. વિદ્વાન મહાત્માઓના આધ્યાત્મિક ચિંતનીય પ્રવચનોનું આયોજન તથા ઓડીયો/ વિડીઓ કેસેટ દ્વારા લોકજાગૃતિમાં સંસ્કારનું સિંચન થાય તેવા પ્રયત્નો આર્ષ વિદ્યાલય દ્વારા યોજવામાં આવે છે.

# બાલાસિનોર વિદ્યામંડળ

આ મંડળ સંચાલિત આપણી "Arts & Commerce College" (વિનયન અને વાણિજ્ય વિદ્યાલય)ના સભાગૃહને સુશોભિત કરવાના ઉપક્રમે આપણા દેશની નામાંકિત વિભૂતિઓના મોટી સાઈઝના ફોટા (૪ ફૂટ X ૩ ફૂટ) - ૧૬ નંગ મૂકવાનું, મંડળની કારોબારી સમિતિએ નક્કી કર્યું છે. દાતાએ આપેલ ફોટા નીચે દાતાનું નામ કે તકતી રહેશે નહી.

આ ફોટાની અંદાજીત કિંમત રૂા. ૬,૦૦૦/- (રૂપિયા છ હજાર) છે. નીચે જણાવેલ પ્રત્યેક વ્યક્તિઓ તરફથી એક એક ફોટો મળ્યો છે.

૧) શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા)
પરિવાર તરફથી - સરદાર વલ્લભભાઈ પટેલ

૨) શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા)
પરિવાર તરફથી - વિઠ્ઠલભાઈ પટેલ

૩) શ્રી જશવંતભાઈ કોદરલાલ પરીખ (વકીલ)
પરિવાર તરફથી - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી

૪) શ્રી મૂળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખાં)
પરિવાર તરફથી - પંડિત જવાહરલાલ નહેરુ

૫) નવીનચંદ્ર રમણલાલ કચેરીયા
પરિવાર તરફથી - સ્વામી વિવેકાનંદ

***લી. બાલાસિનોર વિદ્યામંડળ***
***કારોબીરી સમિતિ વતી***

# ‘‘કંટાળો’’

કંટાળો આજના જમાના ની મોટી સમસ્યા છે. કંટાળો સ્વાભાવે કાતિલ બાબત છે. પ્રેમસબંધ વગરનું જીવન એકલતા ના અભિશાપનું ઓશિયાળુ છે. સબંધોની વિપુલતા માણસને રોકાયેલો રાખે છે. પરંતુ પરિતૃપ્ત નથી કરતી. માણસ પાસે મોટુ ફ્રેન્ડસર્કલ હોય છે પરંતુ તેને કેન્દ્ર નથી હોતું. સાચુકલા પ્રેમવગરના સબંધો વિકસે ત્યારે ‘‘હોઈબ્રીડ’’ પુષ્પનું કદ વધી પડે છે. પરંતુ સુગંધ ખત્મ થઈ જાય છે.

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટે કાર્યવાહક સમિતિની ૭ બેઠકોની ખાલી પડતી બેઠકોની ચૂંટણી અંગે

વર્ષ ૨૦૦૫-૨૦૦૬ માટે કાર્યવાહક સમિતિના સભ્યોની ૭ બેઠકો માટે ઉમેદવારી પત્રકો મેળવવાની તા. ૨૦.૫.૨૦૦૫ શુક્રવાર અને સ્વીકારવાની છેલ્લી તારીખ ૩૦.૫.૨૦૦૫ ના સોમવારના રોજ સાંજે ૮.૦૦ કલાક સુધી સંસ્થાની ઓફિસે તથા ઉમેદવારી પત્રકો પાછા ખેંચવાની તારીખ ૨.૬.૨૦૦૫ ના ગુરૂવાર સાંજે ૮ કલાક સુધી સંસ્થાની ઓફિસે.

ચૂંટણીની જરૂર પડતાં ચૂંટણી વાર્ષિક સામાન્ય સભાના દિવસે રાખવામાં આવશે.

**ખાલી પડતી બેઠકો નીચે મુજબ છે**

## શહેર વિભાગ

**૧) પરેશ નવનીતલાલ ઘારીઆ**
**૨) નીતીન સુરેન્દ્ર પરીખ (ચાગરમ)**
**૩) સંજય બાબુલાલ શેઠ**
**૪) જાસ્મીન બીપીન શેઠ**

## ઉપનગર વિભાગ

**૧) ભરત કાંતીલાલ પરીખ**
**૨) દેમેન્દ્ર રમણલાલ શાહ**
**૩) સંજય જયંતીલાલ શાહ**

**નોંધ :-** દરેક ઉમેદવાર લેખિત અરજી કરીને પોતાનું ઉમેદવારી પત્રક સંસ્થાની ઓફિસમાંથી મંગવવાનું રહેશે. દરેક ઉમેદવાર પોતાના ફોર્મ પોતે જ ભરવાના રહેશે. ઉમેદવાર સંસ્થાનો સભ્ય હોવો જોઈએ તથા એના સમર્થનમાં બે અન્ય સભ્યોની સહી આવશ્યક રહેશે.

***મંત્રી - પ્રદીપ પ્રવીણચંદ્ર કડકીઆ***

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ન્યાસફંડની નામાવલી

| | |
|---|---|
| ધારીઆ રસીકલાલ ચુનીલાલ (દલાલ) | ૧૧,૦૦૦ |
| ધારીઆ કાંતીલાલ સાકરલાલ (પેઢીવાળા) | ૨,૫૦૧ |
| ધારીઆ કમળાબહેન મોહનલાલ (કુણીવાળા) | ૨,૫૦૧ |
| ધારીઆ કિર્તનલાલ કોદરલાલ | ૧૧,૦૦૦ |
| ધારીઆ મોહનાલલ મગનલાલ (કુણીવાળા) | ૨૫,૦૦૧ |
| ધારીઆ પ્રવિણચંદ્ર એમ. અને<br>ધારીઆ સુલોચનાબહેન પ્રવીણચંદ્ર | ૧૧,૦૦૧ |
| ધારીઆ ઈચ્છાબહેન ચંદુલાલ અને<br>ધારીઆ કમળાબહેન મોહનલાલ | ૧૧,૦૦૦ |
| ધારીઆ ઈન્દુબહેન રસીકલાલ | ૧૧,૧૧૧ |
| દોશી કાંતીલાલ ગરબડદાસ | ૧૧,૦૦૦ |
| દોશી બાબુલાલ મોજીલાલ | ૫,૦૦૧ |
| દોશી શીતલ ચંદ્રકાંત રમણલાલ | ૨,૫૦૦ |
| દોશી મણીબહેન ઓચ્છવલાલ (મોડાસાવાળા) | ૧,૫૦૦ |
| દોશી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ (કલકત્તાવાળા) | ૧,૫૦૧ |
| દોશી નવનીતલાલ છોટાલાલ | ૨,૫૦૦ |
| દેસાઈ ચંદલબહેન મોહનલાલ | ૧,૫૦૧ |
| દેસાઈ તારાબહેન નટવરલાલ સાકરલાલ | ૧૧,૦૦૦ |
| દેસાઈ સદગુણબહેન નવનીતલાલ | ૧૧,૧૧૧ |
| દેસાઈ મણીબહેન ઓચ્છવલાલ | ૧,૫૦૦ |
| ગાંધી ચંદનબહેન ચીમનલાલ | ૧૧,૦૦૧ |
| ગાંધી ચીમનલાલ ગરબડદાસ | ૧૧,૦૦૧ |
| ગાંધી ડૉ. કીરણ જમનાદાસ | ૩,૦૦૦ |
| ગાંધી બાબુલાલ છોટાલાલ | ૧૧,૦૦૦ |
| ગાંધી પ્રવીણચંદ્ર ચીમનલાલ | ૧૧,૦૦૦ |
| ગાંધી રાજેન્દ્ર ઓચ્છવલાલ | ૧૧,૦૦૦ |
| કાપડીયા ભાનુબહેન રસીકલાલ | ૨૫,૦૦૦ |
| કડકિઆ ચંદ્રકાંત કીર્તનલાલ | ૧૧,૧૧૧ |
| કડકિઆ તારીબહેન કીર્તનલાલ (ધંગેલા) | ૫,૦૦૦ |
| કડકિઆ તારાબહેન હીરાલાલ (લટકારી) | ૧૧,૧૧૧ |
| કડકિઆ કમળાબહેન કાંતીલાલ (લટકારી) | ૧૧,૦૦૧ |
| કડકિઆ વિનોદચંદ્ર ચીમનલાલ (ટોકરશી) | ૧૧,૦૦૦ |
| કડકિઆ સુશીલાબહેન જયંતીલાલ (ધંગેલા) | ૧૧,૧૧૧ |
| કડકિઆ સરોજ રજનીકાંત (લટકારી) | ૧૧,૦૦૧ |
| કડકિઆ લીલાવતીબહેન તથા<br>કરીટકુમાર ભીખાલાલ (ફાડીઆ) | ૨૬,૧૧૧ |
| કડકિઆ સુરેખાબહેન ગજેન્દ્ર (ફાડીઆ) | ૧૧,૧૧૧ |
| કડકિઆ મણીલાલ છોટાલાલ (લટકારી) | ૧૧,૦૦૧ |
| કડકિઆ મજુંલાબહેન નવીનચંદ્ર | ૧,૫૦૧ |
